# ગુજરાતી સાહિત્ય સરિતા
# Gujarati Sahitya Sarita

અંક: ૨
તારીખ: ૩/૧/૨૦૦૯
રજૂકર્તાઃ ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટન
વેબસાઈટ: http://gujaratisahityasarita.org

# અનુક્રમણિકા


અનુક્રમણિકા ..... 2
ગુજરાતી સાહિત્ય સરિતાની સભા-૦૨/૨૧/૨૦૦૯-અહેવાલ: વિશ્વદીપ બારડ ..... 3
શબ્દ – હાઈકુ વિજય શાહ ..... 5
શબ્દ-આસવ દેવિકા ધ્રુવ ..... 5
બીજી ભાષા (બાળ વાર્તા)- વિશ્વદીપ બારડ ..... 6
ગાંધીજી- પ્રદીપ બ્રહ્મભટ્ટ ..... 6
સંતોષ- સરયૂ પરીખ ..... 7
બે કાવ્યો-ચીમન પટેલ ..... 7
ફેબ્રુઆરી બ્લોગર કોન્ફરન્સ અહેવાલ - વિશાલ મોણપરા ..... 8
માર્ચ મહિનાની બ્લોગર કોન્ફરન્સ - વિશાલ મોણપરા ..... 9


રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે. 

# ગુજરાતી સાહિત્ય સરિતાની સભા-૦૨/૨૧/૨૦૦૯-અહેવાલ: વિશ્વદીપ બારડ




હ્યુસ્ટન-ગુજરાતી સાહિત્ય પ્રેમીઓ..

હ્યુસ્ટન એક રંગીલું શહેર છે, જ્યાં ભાત-ભાતનાં, જાત જાતનાં સુંદર કાર્યક્રમોનું આયોજન થતું રહે છે. આપણી ભારતિય સંસ્કૃતીના દર્શન આ શહેરમાં જોવા મળે. ગુજરાતીઓનો પણ એક અનોખો રંગ છે.પરદેશ આવી આપણી માતૃભાષાનું જતન , ગુજરાતી સાહિત્યને આદર અને સન્માન કરતા ગૌરવ લે છે..હ્યુસ્ટન-ગુજરાતી સાહિત્ય સરિતા સંસ્થા આપણી માતૃભાષા,આપણી ગુજરાતી સંસ્કૃતીને જીવંત રાખવા મહત્વના ભાગ રૂપ છે.

ગુજરાતી સાહિત્ય સરિતાની માસિક બેઠક ફેબ્રુઆરી,૨૧મી ને શનીવારે હ્યુસ્ટનના માનિતા સમાજ-સેવક શ્રી દિનેશભાઈ શાહના નિવાસ્થાને યોજવામાં આવેલ, જેમાં આ શહેરનાં ગુજરાતી સાહિત્ય પ્રેમીઓ મોટી સંખ્યામાં હાજરી આપેલ.સભાનો દોર કવિયત્રી દેવિકાબેન ધૃવે સંભાળેલ,સમયને સાથમાં લઈ કાર્યક્રમ રાબેતા મુજબ બપોરે બે વાગે ,ગુજરાતી સાહિત્ય સરિતાના સંચાલક જયંત પટેલે સૌને આવકારી આજની સભાનું સંચાલન દેવિકાબેનને આપી સભાની શરુયાત ન્યુજર્શીથી પધારેલ સુષ્માબેન શાહની સુંદર પ્રાર્થનાથી થયેલ.સભાની શરૂઆત પહેલા ગુજરાતી સાહિત્યના શુભેચ્છક ,પ્રોત્સાહક સ્વ. ડૉ.શિરીશ કોઠારી ને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાજંલી અર્પી.

ગુજરાતી સાહિત્યના જાણીતા-માનીતા પ્રૌઢ કવિ-લેખ શ્રી ધીરૂભાઈ શાહ જે હમણાંજ અકસ્માતની માંદગીમાંથી પસાર થઈ રહ્યા છે તેમની સરળ શૈલીભરી કવિતા એમની પૂત્રવધૂ હેમંતી શાહે વાંચી સંભળાવેલ.જેના શબ્દો ...'શબ્દ સુખ,શબ્દ દુ:ખ,શબ્દ આશા-નિરાશા આપે.' જે આજનો મૂખ્ય વિષય હતો ."શબ્દ". સાથે સાથ "ગાંધી તારો જય થશે'સુંદર કવિતા રજૂ કરી ગાંધીને શ્રદ્ધાજંલી અર્પી.
રેખા બારડે શ્રી ધીરુભાઈની જીવનની ઝરમરને વધાવતી વિશ્વદીપ રચિત કવિતા'મ્હેંકતા ફૂલ' ગાઈ, કવિશ્રી હિમંતભાઈ શાહે પણ ધીરૂભાઈના કાર્ય અને સુંદર મિજાજ ને દાદ આપતી કવિતા.."આપની સરળતા કપાળે ચાંદલો કરી જાય...ચંદ્રમાંથી સહજ શીતળતા ઝરે..રજૂ કરી ધીરુભાઈના સુંદર સ્વભાવ, કાર્યને બિરદાવ્યા.

ન્યુજર્શીથી પધારેલ 'ગુજરાત ટાઈમ્સ" સંચાલક શ્રી રમેશભાઇ જાદવ આજની સભાના મૂખ્ય મહેમાન, જેમણે "શબ્દ" વિશે ઘણીજ વિગતવાર વાતો અને સમજ આપેલ..શબ્દની ઉત્પતી પહેલા ધ્વનીની ઉત્પતી..જે બાળક જન્મે તેની સાથે તેને આ દુનિયામાં શ્વાસ લેવા

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

એની પીઠ થાબવડવામાં આવે..બાળકનો પહેલો ધ્વની..”ઊવા..ઊવા’ વાહ! સુંદર દાખલા આપી “શબ્દ”જ્ઞાન નો ઊંડો ખ્યાલ આપેલ. હ્યુસ્ટ્ન-સાહિત્યપ્રેમી પ્રજા અવિરત શાંતીથી સાહિત્યની મજા માણી રહી હતી..એક પછી એક કવિઓ સ્વરચીત કવિતા રજૂ કરી રહ્યાં હતાં એમાં ઑસ્ટીનથી પધારેલ સરયૂબેન પરીખે “સંતોષ_ વિશે મુકતક , ઉપરાંત આ શહેરના ખ્યાતનામ શાયર રસિક મેઘાણી એ..ઓ મારા હ્રદય ક્યાં થાકી ગયો..બે ચાર પ્રલયની રાતોમાં’.વિરેન્દ્ર બેંકરે સુંદર વાંસળીના સુરે સૌ શ્રોતાજનોને મુગ્ધ કર્યા,નવિન બેંકરે રાજેન્દ્ર શુક્લની શબ્દ વિશે..”મનને સમજાવો નહી” રજુ કર્યુ., શૈલા મુનશા, નરૂદીન દરેડીયા, મનોજ મહેતા, વિજય શાહ, અશોક પટેલ, વિશાલ મોણપરા અને વિશ્વદીપ બારડની ભાવવિભોર કૃતીએ સૌને આનંદ-વિભોર કરી દીધા.

વિજય શાહે એ હ્યુસ્ટન સાહિત્ય સરિતાની દિન-પ્રતિદીન વધતી પ્રગતીને વધુ આગળ ધપાવવા હ્યુસ્ટ્નના સ્થાનિક કવિઓને પોત્તાના સ્વરચિત કાવ્યો-વાર્તાનું પ્રકાશન થાય તેના માટે સૌને પ્રોતસાહિત કરેલ..હ્યુસ્ટન એ અમેરિકામાં ગુજરાતી સાહિત્યનું એક અગત્યનું કેન્દ્ર છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે આ શહેરમાં આગામી મહિનાઓમાં એક સ્થાનિક કવિઓનો મોટો કાર્યક્રમ કરવો એવી પ્રસ્તાવના શ્રી દીપકે ભટ્ટે કરી એ આવકાર્ય હતી.તેજાણી,વરાલી સાહેબે જુદા જુદા સંપ્રદાય તેમજ આતકવાદના સુંદર ઉદાહણો આપ્યાં.નિરાલીબેને..’શબ્દ”ના અર્થ-ધટન, સુરેશ બક્ષીએ “સમન્વય” જેવી એક બુકનું પ્રકાશન સ્થાનિક કવિઓનું થવું જરૂરી છે એવી દરખાસ્ત મૂકી.

આ આખી સભાનું સુંદર આયોજનનો યશ-જશ..સમયની સાચવણી સાથે , ‘શબ્દ” વિશે અવાર-નવાર ઊંડી સમજ આપનાર “શબ્દને પાલવડે”ના સર્જનહાર કવિયત્રી દેવિકા ધ્રુવને જાયછે.સભા રાબેતા મુજબ સમયસર સમાપ્તિ,અને શ્રી દિનેશભાઈ શાહના લાગણી સભર ..હ્યુસ્ટ્ન-સાહિત્ય સરિતાનો આભાર સાથે તેમના ધર્મપત્ની હેમંતીબેને સ્વાદિષ્ટ અલ્પાહારનું આયોજન અને ભોજનના સુમેળ સાથે સૌ સાંજે પાંચ વાગે સભાનું વિસર્જન થયું.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# શબ્દ – હાઈકુ વિજય શાહ

મૌન ને શબ્દો
મળ્યા પણ વાંઝણા
શ્રોતા બધીર

# શબ્દ-આસવ દેવિકા ધ્રુવ

શબ્દ બ્રહ્મ છે, અવિનાશી અક્ષરોનો અર્ક છે,
શબ્દ સાહિત્ય સર્જે છે, ચિત્રો દોરે છે,
શબ્દ સંગીત રચે છે, નર્તન કરે છે,
શબ્દ શિલ્પ ઘડે છે, કલાના હર રુપમાં રમે છે…..
શબ્દ સ્પર્શ છે, હૈયાનો ધબકાર છે,
શબ્દ વિચારોની પાંખ છે, ચિંતનની આંખ છે,
શબ્દ મનનો ઉમંગ છે,અંતરનો તરંગ છે,
શબ્દ અભિવ્યક્તિનું અંગ છે,અનુભૂતિનો રંગ છે…..

શબ્દ આભની ઉંચાઇ છે, સાગરની ગહરાઇ છે,
શબ્દ સૂરજનું તેજ છે, ચંદ્રનું હેત છે,
શબ્દ સૃષ્ટિનો વિહાર છે, વાણીનો વિકાસ છે,
શબ્દ અદભૂત વર્ણન છે, માનવીનું સર્જન છે……
શબ્દ અરમાનોની ઓઢણી છે,આશાઓની આતશબાજી છે,
શબ્દ અહમથી સોહમની યાત્રા છે, ઇશ્વરની આરાધના છે,
શબ્દ હ્રદયનો આસવ છે, પવિત્ર પ્રેમનો પાલવ છે,
શબ્દને પાલવડે પ્રીત છે,શબ્દને પાલવડે મારી પ્રીત છે

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# બીજી ભાષા (બાળ વાર્તા)- વિશ્વદીપ બારડ



એક ઉદરડી તેનાં બાળકો સાથે એક ખૂણામાં આરામ કરી રહી હતી કે બિલાડીની નજર તેનાં પર પડી . બિલાડી ખૂશ થઈ ગઈ. તે તેના શિકાર પર ઝપટી કે તુરંત ઉદરડી ઉછળીને તેનાં બાળકો નએ બિલાડીની વચ્ચે આવી ગઈ અને ગળું ફાડીને ચીસ પાડીઃ ભૌ! ભૌ! બિલાડીનો બધોજ જોશ ઠંડો પડી ગયો તે પૂંછડી દબાવીને ભાગી ગઈ.

આ જોઈને ઉદરડીએ ગર્વભેર એનાં બાળકોને કહ્યું" જોયું બાળકો, બીજી ભાષા શીખવાનાં કેટલાં ફાયદા થાયછે."

# ગાંધીજી- પ્રદીપ બ્રહ્મભટ્ટ




સૌજન્યઃ નિર્મીશ ઠાકર

આઝાદીના એક વીરને,છાજે તેવા ગાંધીજી
માતાપિતા બની રહ્યા એ,ભારત દેશના આજેજી
સાચી માનવતાના પુંજારી,સ્નેહ કરીને જીવ્યાજી
અસ્પૃશ્યતાને કાજે તેઓ, સાદુ જીવન જીવ્યાજી
આવી આઝાદી અમ દ્વારે,પામ્યા સ્વતંત્રતાનેજી
અહીંસાનો પાઠ ભણાવ્યો,સાચુ જીવન જીવ્યાજી
મૃત્યુ ભેટ્યા દેશકાજે,સ્મરણ રામનામ મનમાંહેજી
દીપબની દીપીગયા એ,દેશદાઝ એ પ્રદીપનીજી
આવી આવી સાચી કેડી, પ્રેમે જીવન જીવવાજી
મળીમાનવતા માનવીને,પ્રેમજગતમાંપામ્યાજી

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે. 

# સંતોષ- સરયૂ પરીખ

સ્વપ્ન સમય સાથી સંજોગ
સ્વીકારું સૌ જોગાનુ જોગ—
શક શંકા સંશય મતિદોષ
વિશ્વાસે મંગળ સંતોષ—

સાથ સફર જે હો સંગાથ
પડ્યુ પાન ઝીલવું યથાર્થ—
સરળ સ્વચ્છ સ્ફટિક આવાસ
આરસીમાં સુંદર આભાસ—

ભક્તને ત્યાં આવે આશુતોષ
મધુર સુગંધ લાવે સંતોષ—
સંતોષી મન સાગર સમાન
જ્યાં વ્હાલપ ને વૈભવ સમાન—

જે મારી પાસ તે છે ઘણું
પછી હોય છોને અબજ કે અણું—

# બે કાવ્યો-ચીમન પટેલ

જન્મ-મરણ
દિકરો જન્મ્યો
ત્યારે,
બધા હસ્યા
ને
એ રડ્યો !
એના
મૃત્યું ટાણે
બધા રડ્યા
ને
એ મૂક હસ્યો-
મૂકિત માટે !!

**************

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

સ્વજનો

આજે

રડે છે

સ્વજનના

મૃત દેહ પર.

કાલ સુધી

એ

રડ્યો'તો

આજ

સ્વજનો ખાતર !!

# ફેબ્રુઆરી બ્લોગર કોન્ફરન્સ અહેવાલ - વિશાલ મોણપરા

તા ૧૫ ફેબ્રુઆરી ૨૦૦૯ ના સવારે ૧૦:૦૦ વાગે ગુજરાતી બ્લોગરોની એક કોન્ફરન્સ યોજાઇ હતી. ૨૦૦૬ માં યોજાયેલી બ્લોગરોની કોન્ફરન્સમાં વિશ્વભરનાં બ્લોગરોએ ભાગ લીધો હતો. તેના ઉપક્રમે જ આ કોન્ફરન્સ યોજાઇ હતી પરંતુ માત્ર અમેરિકાના બ્લોગરો પૂરતી મર્યાદીત રાખવામાં આવી હતી. લગભગ ૩૦ જેટલાં બ્લોગરોને આમંત્રણ આપવામાં આવ્યુ હતું. આ કોન્ફરન્સનાં મુખ્ય હેતુઓ

૧) બધાં બ્લોગરોની એકબીજા સાથેની વ્યક્તિગત ઓળખાણ

૨) નવી ટેકનોલોજીના ઉપયોગની ચકાસણી.

અમેરિકામાં ઘણાં જૂના બ્લોગરો છે. તેઓને દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા એકબીજાની નજીક લાવવાનો આ એક નવતર પ્રયોગ હતો. માત્ર અમેરિકાના બ્લોગરોને આમંત્રણ આપવાનો હેતું એટલો જ હતો કે કોન્ફરન્સ માટે જે ફોન નંબરનો ઉપયોગ થઇ રહ્યો હતો તે અમેરિકામાં રહેલાં બ્લોગરો સહેલાઇથી જોડીને વાતચીતમાં જોડાઇ શકે જ્યારે અન્ય વસતાં બ્લોગરોને આંતરરાષ્ટ્રીય ફોન દર ચૂકવવો પડે. વળી આ કોન્ફરન્સ એકમાત્ર અખતરો જ હતો કે જેનો ઉપયોગ ભવિષ્યમાં આપણે મોટા પાયે કોન્ફરન્સ કરવા માટે કરી શકીએ. કુલ ૭ ગુજરાતી બ્લોગરો અહીં હાજર રહ્યા હતાં. પ્રથમ થોડીક મિનિટો એકબીજાને યાહુ મેસેંજરની મદદથી કેમેરાને સેટ અપ કરવામાં ગાળી. જેમ અગાઉ જણાવ્યું તેમ આ કોન્ફરન્સ વ્યક્તિગત ઓળખાણ માટે  જ હતી એટલે થોડીક મિનિટો એકબીજાના પરિચય માટે ગાળી. દરેક બ્લોગરો એકબીજાને જાણતા જ હતાં, પરંતુ એકબીજાને જોઇને તેમના મુખથી તેમનો પરિચય સાંભળવાનો લહાવો અલગ જ હોય છે. ત્યાર બાદ આજની આ કોન્ફરન્સમાં પડેલી તકલીફો અને ભવિષ્યમાં આ પ્રકારની કોન્ફરન્સને વધારે સુદૃઢ બનાવવા માટેના સૂચનો દરેક પાસેથી લીધા. શ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ગુજરાતી બ્લોગરોને બોસ્ટન બે-ત્રણ દિવસની મહેફીલ કરવાનું આમંત્રણ આપેલ છે. વધુમાં તેઓ ફાધર વાલેસના સંપર્કમાં હોવાથી ફાધર વાલેસને પણ બોલાવી શકે એવી તૈયારી પણ બતાવી છે. ત્યાર બાદ દરેક વ્યક્તિ સ્વરચિત મનગમતી કડીઓ બોલીને આ કોન્ફરન્સને એક નાનકડી સાહિત્ય સભાનું રૂપ આપીને સમાપન કર્યું.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.

# માર્ચ મહિનાની બ્લોગર કોન્ફરન્સ - વિશાલ મોણપરા

મિત્રો,

ગયા મહિને અમેરિકા ખાતે ગુજરાતી બ્લોગર કોન્ફરન્સનું આયોજન થયું હતું કે જેનો મુખ્ય ઉદ્દેશ ટેકનોલોજીની ચકાસણી કરીને મોટા પાયા પર આ પ્રકારની કોન્ફરન્સ કરવાનો હતો. આપને જાણીને ખુબ જ આનંદ થશે કે હવે આ કોન્ફરન્સ વિશ્વનાં કોઇ પણ ગુજરાતી બ્લોગર માટે ખુલ્લી રાખવામાં આવી છે. આપને વિજયભાઇ શાહનો ઇમેઇલ મળી ગયો હશે કે જેમાં તેમણે માર્ચ મહિનાનાં પહેલા અઠવાડિયામાં થનારી કોન્ફરન્સનો સંકેત આપ્યો હતો. તો દોસ્તો, આપ ૮ મી માર્ચ, ૨૦૦૯ રવિવારે સવારે ૧૦:૦૦ (સેન્ટ્રલ) વાગે તૈયાર છો ને? વિગતો નોંધી લેશો.

તારીખઃ ૮ મી માર્ચ, ૨૦૦૯ રવિવાર

સમયઃ સવારે ૧૦:૦૦ (સેન્ટ્રલ) વાગે

ફોન નંબરઃ ૨૧૮ - ૩૩૯ - ૨૫૦૦

કોન્ફરન્સ એક્સેસ કોડઃ ૫૩૦૧૦૨#

યાહુ મેસેંજર આઇડીઃ vishal_monpara

**આ કોન્ફરન્સના મુદ્દાઓ**

૧) એકમેકનો પરિચય

૨) બ્લોગર આચાર સંહિતા વિશે માહિતી

૩) ગુજરાતી બ્લોગર તરીકેના નવા વિચારોની રજૂઆત

૪) આપની કૃતિઓનું આપના દ્વારા પઠન. (માત્ર એક/બે શેર પૂરતી મર્યાદિત રહેશે.)

**સ્વયંશિસ્તતાના જરૂરી મુદ્દાઓ**

૧) પાછલી કોન્ફરન્સની જેમ આ કોન્ફરન્સમાં આપણે સમયસર આવીશું.

૨) જો આપણને તકનીકી કોઇ મુશ્કેલી પડે તો યાહુ મેસેંજરમાં માત્ર ટાઇપ કરીને પ્રશ્ન રજૂ કરીશું.

૩) જ્યારે આપણો વારો આવે ત્યારે જ આપણે બોલીશું.

૪) જ્યારે જરૂર ન હોય ત્યારે આપણે *6 દબાવીને mute કરી દેશું. ફરી પાછું *6 દબાવવાથી unmute થશે કે જેથી આપણે બોલેલું અન્ય લોકો સાંભળી શકે.

**થોડી તકનીકી માહિતી પણ જોઇ લઇએ.**

૧) આ કોન્ફરન્સ માટે ફોન આવશ્યક છે કે જેથી આપ આ કોન્ફરન્સમાં ભાગ લઇ શકો છો. જો આપની પાસે કોમ્પ્યુટર, યાહુ મેસેંજર અને વેબ કેમેરા હોય તો સારુ પરંતુ તેની આવશ્યકતા નથી.

૨) આ ઇમેઇલમાં આપેલાં નંબર પર ફોન લગાવવાથી તે કોન્ફરન્સનો એક્સેસ નંબર માંગશે જે તમારે બટન દબાવીને આપવાનો હોય છે અને તરત જ તમે કોન્ફરન્સમાં જોડાઇ જાઓ છો.

૩) જો આપના કોમ્પ્યુટર પર યાહુ મેસેંજર હોય તો તેમાં લોગીન થઇને મારા યાહુ આઇડી vishal_monpara પર મેસેજ મોકલો. જો મારુ આઇડી આપના લીસ્ટમાં ન હોય તો પણ તમે Actions Menu > Send an Instant Message.. માં જઇને Other Contact માં મારું આ આઇડી નાખીને મને મેસેજ મોકલી શકો છો. હું તરત જ તમને યાહુ મેસેંજરની કોન્ફરન્સમાં જોડાવાનું આમંત્રણ આપી દઇશ.

૪) જો આપને કોઇ વ્યક્તિને કેમેરામાં જોવી હોય તો કોન્ફરન્સમાં હાજર રહેલી વ્યક્તિઓ જો યાહુ મેસેંજર પર હાજર હોય તો તેમનું નામ જમણી બાજુના લીસ્ટમાં હોય છે. નામ પર બે વાર ક્લીક કરવાથી આ વ્યક્તિ સાથેની અંગત વાતચીત માટેની એક વિન્ડો ખુલશે. તેમાં તમે તે વ્યક્તિને તેમનો કેમેરો જોવાની પરવાનગી માટેની વિનંતી કરી શકો છો.

રજૂ કરેલ કૃતિઓના અધિકાર જે તે લેખકના છે.